
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૪ | ૧૫ માર્ચ, ૨૦૨૧, સોમવાર; ફાગણ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશના વધુ ૧૩ એરપોર્ટનું ખાનગીકરણ કરાશે

**૨.૫ લાખ કરોડની મૂડી હાથવગી કરવા સરકાર ખાનગીકરણને માર્ગે : ટૂંક સમયમાં કેબિનેટમાં પ્રસ્તાવ લવાશે, દિલ્હી,મુંબઈ, બેંગ્લુરુ અને હૈદરાબાદ એરપોર્ટની હિસ્સેદારી વેચાશે, સરકારે ખાનગીકરણ માટે વધુ ૧૩ એરપોર્ટની પસંદગી કરી**



ન્યુ દિલ્હી,તા.૧૪

કેન્દ્ર સરકારે દેશના વધુ ૧૩ એરપોર્ટનું ખાનગીકરણ કરવાનો તથા દિલ્હી, મુંબઈ, બેંગ્લુરુ અને હૈદરાબાદ એરપોર્ટની બાકી બચેલી હિસ્સેદારી વેચવાનો નિર્ણય કર્યો છે.

ગત મહિને થયેલી સચિવોની કમિટીની બેઠકને ટાંકીને ટોચના સૂત્રોએ જણાવ્યું કે પહેલેથી જ ખાનગી હાથોમાં સોંપી દેવાયેલા આ ચાર એરપોર્ટમાં એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડીયાની બાકી બચેલી હિસ્સેદારી વેચી દેવામાં આવશે. સરકારે ખાનગીકરણ માટે વધુ ૧૩ એરપોર્ટની પસંદગી કરી છે. ૨.૫ લાખ કરોડની મૂડી ભેગી કરવા માટે સરકારે એરપોર્ટના ખાનગીકરણનો નિર્ણય કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

નાગરિક ઉડ્ડયન મંત્રાલય દિલ્હી,મુંબઈ,બેંગ્લુરુ અને હૈદરાબાદ એરપોર્ટમાં એરપોર્ટ ઓથોરિટીની હિસ્સેદારી વેચવા કેબિનેટની મંજૂરી લેશે. ટૂંક સમયમાં કેબિનેટમાં આ મુજબનો પ્રસ્તાવ લાવવાની પણ વાત ચાલી રહી છે. આ ચાર એરપોર્ટનું સંચાલન ખાનગી સેક્ટરની સાથે જોઈન્ટ વેન્ચરમાં કરાઈ રહ્યું છે.

## હવે ૧૫ વર્ષ જૂના વાહનોનું રજિસ્ટ્રેશન રિન્યૂ નહીં થાય

**અગાઉ એક ફેબ્રુઆરીના રોજ રજૂ કરવામાં આવેલા બજેટમાં સરકારે વાહન સ્ક્રેપિંગ પોલીસીની જાહેરાત કરી**

નવી દિલ્હી,તા.૧૪

સરકારી વિભાગ ૧ એપ્રિલ ૨૦૨૨થી પોતાના ૧૫ વર્ષ જુના વાહનોનું રજીસ્ટ્રેશન અને રિન્યુઅલ નહીં કરાવી શકે, કેન્દ્રીય પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે આ પ્રસ્તાવ આપ્યો છે, અને જો આ પ્રસ્તાવ સ્વિકારી લેવામાં આવશે તો તમામ રાજ્ય સરકારો, કેન્દ્રશાસિત પ્રદેશો, જાહેર સાહસો, મ્યુનિસિપલ કોર્પોરેશનોનાં ૧૫ વર્ષ જુના વાહનો ભંગારમાં જશે. મંત્રાલયે એક ડ્રાફ્ટ પોલીસી ૧૨ માર્ચે જાહેર કરી છે, તે અંગે હિત ધારકો પાસે ૩૦ દિવસમાં ટિપ્પણીઓ, વાધાઓ અને સુચનો મંગાવવામાં આવ્યા છે, આ પહેલા ૧ ફેબ્રુઆરીએ રજુ કરાયેલા કેન્દ્રીય બજેટમાં પણ વ્હિકલ સ્ક્રેપેજ નિતીની જાહેરાત કરવામાં આવી છે, તે અનુસાર ખાનગી વાહનોનાં ૨૦ વર્ષ અને કોમર્શિયલ વાહનોનાં ૧૫ વર્ષ પુરા થવા પર ફિટનેશ ટેસ્ટ કરવો જરૂરી છે. આ અગાઉ એક ફેબ્રુઆરીના રોજ રજૂ કરવામાં આવેલા બજેટમાં સરકારે વાહન સ્ક્રેપિંગ પોલીસીની જાહેરાત કરી ગતી. જે અંતર્ગત પર્સનલ વ્હીકલને ૨૦ વર્ષ બાદ અને કમર્શિયલ વાહનને ૧૫ વર્ષ પુરા થવા પર ફિટનેસ પરીક્ષણ કરાવવુ જરૂરી બની જશે. મંત્રાલયે આ નિયમના ડ્રાફ્ટમાં આપેલી સૂચના ૧૨ માર્ચના રોજ જાહેર કરવામાં આવી હતી. જેના પર ૩૦ દિવસ સુધીમાં ટિપ્પણી, સુધારા અને સુઝાવ મંગાવ્યા છે. ૧ ફેબ્રુઆરીએ સરકારે બજેટમાં વ્હીકલ સ્ક્રેપ પોલિસીની જાહેરાત કરી હતી.



## એનઆઈએના એક્શનથી મહારાષ્ટ્ર સરકાર ફફડી

**આ મહારાષ્ટ્ર જેવા રાજ્યો પર દબાણ બનાવવાનો પેંતરો : આ સારા સંકેત નથી : સંજય રાઉત**

મુંબઈ,તા.૧૪

મુંબઈમાં એન્ટીલિયા બહાર શંકાસ્પદ કાર મળવાના મામલે એનઆઈએના એક્શનથી મહારાષ્ટ્રમાં રાજકીય હલચલ શરૂ થઈ ગઈ છે. શિવસેના સાંસદ સંજય રાઉતે આને લઈને ચોંકાવનારૂ નિવેદન આપ્યુ છે. તેમનુ કહેવુ છે કે આ મામલે એનઆઈએની તપાસની જાણકારી પહેલેથી જ વિપક્ષના નેતા દેવેન્દ્ર ફડણવીસ સુધી પહોંચતી રહી. આ રાજ્ય સરકાર માટે સારા સંકેત નથી.

શિવસેનાના મુખપત્રમાં સંજય રાઉતનુ આ નિવેદન ત્યારે આવ્યુ છે જ્યારે ગત રાતે લાંબી પૂછપરછ બાદ એનઆઈએએ આ મામલે મહારાષ્ટ્ર પોલીસના અધિકારી સચિન વાજેની ધરપકડ કરી લીધી છે. ભાજપ હવે એ માગ કરી રહી છે કે સચિન વાજેનો નાર્કો ટેસ્ટ કરાવવામાં આવે જેથી મહારાષ્ટ્ર સરકાર અને તેમની લિંકની સચ્ચાઈ સામે આવી શકે.

આ દરમિયાન સંજય રાઉતે પોતાના લેખમાં લખ્યુ છે કે આ મામલે તપાસ એનઆઈએને એટલા માટે આપવામાં આવી છે. જેથી રાજ્ય સરકાર પર દબાણ આપવામાં આવી શકે. તેમણે લખ્યુ કે કેન્દ્રીય તપાસ એજન્સીઓનો ઉપયોગ રાજ્ય સરકાર પર દબાણ બનાવવા માટે કરવામાં આવી રહ્યો છે.

સંજય રાઉતે દાવો કર્યો છે કે આ કેસની જાણકારી વિપક્ષના નેતા દેવેન્દ્ર ફડણવીસ સુધી પહેલા પહોંચતી રહી. આ રાજ્ય સરકાર માટે સારા સંકેત નથી. ફડણવીસને નેતા વિપક્ષ તરીકે પોતાનો ગુમાવેલો આત્મવિશ્વાસ દોઢ વર્ષ બાદ પાછો મળ્યો છે. તેમણે રાજ્ય સરકારને એક મુદ્દા પર ઘેરવાની તક મળી છે.

## બે અવકાશયાત્રીએ સ્પેસ વૉક કર્યું, નાસાનો વીડિયો વાયરલ

**વીડિયોને ૯૦ હજારથી વધુ વાર લોકોને જોયો : સ્પેસ સેન્ટરની બહારના હિસ્સામાં અમોનિયા જમ્પર કેબલને રિપેર કર્યો અને વાયરલેસ એન્ટીનાને બદલ્યું**

વૉશિંગટન,તા.૧૪

ધરતીથી દૂર અંતરિક્ષમાં ઉપસ્થિત આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશનમાં રહેતા



અવકાશયાત્રીઓને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તેમને સમયાંતરે આ સ્પેસ સ્ટેશનનું રિપેરિંગ અને મેન્ટેનન્સ કરવું પડે છે. તેના માટે તેઓ જીવ જોખમમાં મૂકીને સ્પેસ વૉક કરે છે. તેનો અર્થ એ કે સ્પેસ સૂટ પહેરીને ખુલ્લા અંતરિક્ષમાં જાય છે. આવા જ બે અવકાશયાત્રીએ શનિવાર સ્પેસ વૉક કર્યું છે. ત્યાં રહેતા બે અવકાશયાત્રીએ ખુલ્લા અંતરિક્ષમાં બહાર જઈને સ્પેસ સ્ટેશનનું રિપેરિંગ કર્યું. તેનો વીડિયો નાસાએ જાહેર કર્યો છે. અમેરિકાની અંતરિક્ષ એજન્સી નાસાએ અવકાશયાત્રીઓને આ વીડિયો શૅર કરતાં લખ્યું કે, એક્શનમાં, જુઓ અવકાશયાત્રી માઈક હોપ્કિંસ સ્પેસ સેન્ટરથી બહાર જઈ રહ્યા છે. તેઓ પહેલેથી જ બહાર ઉપસ્થિત અવકાશયાત્રી વિક્ટર ગ્લોવરનો સાથ આપી રહ્યા છે. વીડિયોમાં જોઈ શકાય છે કે, વિક્ટર ગ્લોવરના સ્પેસ સૂટમાં લાલ રંગની ધારીઓ છે. બીજી તરફ હોપ્કિંસનો સૂટ સાદો છે. આવું એટલા માટે કે જેથી બંનેની ઓળખ થઈ શકે. વીડિયોમાં જોઈ શકાય છે કે બંને અવકાશયાત્રી સ્પેસ સેન્ટરથી બહાર જઈને તેના કેટલાક હિસ્સાનું રિપેરિંગ કરી રહ્યા છે. આ રિપેરિંગ કરવાનું કામ સ્પેસ સેન્ટરમાં રહેનારા અવકાશીયાત્રીઓને આપવામાં આવતા ટાસ્કનો હિસ્સો હોય છે.

## ભાજપે ૫ રાજ્યોના ઉમેદવારો જાહેર કર્યા

**પાંચ વિધાનસભા બેઠકો માટે ભાજપના ઉમેદવારોની યાદી જાહેર : પશ્ચિમ બંગાળમાં ૪ સાંસદોને મેદાનમાં ઉતાર્યા : ભાજપે બંગાળના ત્રીજા ચરણની ચૂંટણી માટે ૨૭ અને ચોથા ચરણ માટે ૩૮ ઉમેદવારોના નામની જાહેરાત કરી : ઇ શ્રીધરન પલક્કડ બેઠક પરથી ચૂંટણી લડશે**

નવી દિલ્હી,તા.૧૪

ભારતીય જનતા પાર્ટીએ માર્ચ-એપ્રિલમાં પાંચ રાજ્યોમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવારોના નામની જાહેરાત કરી દીધી છે. ભાજપા મહાસચિવ અરુણ સિંહે રવિવારે કહ્યું કે તામિલનાડુમાં ભાજપા એનડીએના સહયોગી તરીકે લડી રહી છે અને અમે રાજ્યમાં ૨૦ સીટો પર ચૂંટણી લડીશું. રાજ્યના અધ્યક્ષ એલ મુરુગન ધારાપુરમથી ચૂંટણી લડશે. વરિષ્ઠ નેતા એચ રાજા કરઈકુડીથી ચૂંટણી લડશે. કેરળમાં ભાજપા ૧૧૫ સીટો પર ચૂંટણી લડશે. જ્યારે ૨૫ સીટો ૪ પાર્ટીઓ માટે છોડવામાં આવી છે. કેરળના ભાજપા પ્રમુખ સુરેન્દ્રન બે સીટો કાસરગોડની મેજેશ્વર અને કોન્ની સીટથી ચૂંટણી લડશે. અરુણ સિંહે કહ્યું કે ઇ શ્રીધરન કેરળની પલક્કડ સીટ પરથી મેદાનમાં ઉતરશે. ભાજપાએ બંગાળના ત્રીજા ચરણની ચૂંટણી માટે ૨૭ અને ચોથા ચરણ માટે ૩૮ ઉમેદવારોના નામની જાહેરાત કરી છે. ભાજપા મહાસચિવ અરુણ સિંહે કહ્યું કે ચાર લોકસભા સાંસદ પણ વિધાનસભાની ચૂંટણી લડશે. લોકસભા સાંસદ બાબલ સુપ્રિયો બંગાળની ચંડીતારા સીટથી લડશે. જ્યારે દિનહાટા સીટથી નિશીથ પ્રમાણિક, ચુનચુડા સીટથી લોકેટ ચેટરજી અને તારકેશ્વર સીટથી લોકસભા સાંસદ સ્વપન દાન ગુપ્તા ચૂંણી લડશે. આ સિવાય અર્થશાસ્ત્રી અશોક લાહિડી અલીદ્વારપુરથી ઉમેદવાર છે. જ્યારે રાજીબ બેનરજી દોમજુરથી અને રબીન્દ્રનાથ ભટ્ટાચાર્યા સિંગુરથી ચૂંટણી લડશે. અરુણ સિંહે કહ્યું કે અસમમાં ભાજપા ૯૨ સીટો પર ચૂંટણી લડશે. જ્યારે અન્ય સીટો પર ગઠબંધનની સહયોગી પાર્ટીઓ પોતાના ઉમેદવાર ઉતારશે. ભાજપાએ અસમના ત્રીજા તબક્કા માટે ૧૭ ઉમેદવારોની જાહેરાત કરી છે. ચંદ્રમોહન પટવારી ધર્માપુર સીટથી ચૂંટણી લડશે.

### કેન્દ્રીય મંત્રી બાબુલ સુપ્રિયો પશ્ચિમ બંગાળમાં ટોલીગંજથી ચૂંટણી લડશે



ન્યુ દિલ્હી,તા.૧૪

ભારતીય જનતા પાર્ટીએ પશ્ચિમ બંગાળ ચૂંટણી માટે ઉમેદવારોની ત્રીજી યાદી જાહેર કરી દીધી છે. ભાજપના મહાસચિવ અરૂણ સિંહે કહ્યુ કે, કેન્દ્રીય મંત્રી બાબુલ સુપ્રિયો પણ વિધાનસભા ચૂંટણી લડશે. સુપ્રિયોને ટોલીગંજથી ટિકિટ આપવામાં આવી છે.

તો એભિનેતા યશદાસગુપ્તાને ચંડીતલાથી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. સાંસદ લોકેટ ચેટર્જી ચુરચુરાથી ચૂંટણી લડશે. અંજના બાસુ સોનારપુર સાઉથથી, રાજીવ બેનર્જી ડોમજુરથી, પાયલ સરકાર બેહાલા ઈસ્ટથી અને અલીપુરદ્વારથી અશોક લાહિરીને ટિકિટ આપવામાં આવી છે. ભાજપના આ લિસ્ટમાં ઘણા સાંસદ, અભિનેતા-અભિનેત્રી અને જાણીતા નામ છે. મહત્વનું છે કે બંગાળ ચૂંટણી માટે ભાજપે ત્રીજુ લિસ્ટ જાહેર કર્યું છે. તેમાં કુલ ૨૭ ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી છે.

## લોકશાહી અંગે વિદેશી સંસ્થાઓના પ્રમાણપત્રની ભારતને જરૂર છે જ નહિ : એસ જયશંકર

ન્યુ દિલ્હી,તા.૧૪

તાજેતરમાં કેટલાક વિદેશી રિપોર્ટસમાં ભારતનુ લોકતંત્ર નબળુ પડી રહ્યુ હોવાનુ કહેવામાં આવ્યુ હતુ. અમેરિકાની સંસ્થા ફ્રિડમ હાઉસ અને સ્વીડીશ સંસ્થા વી ડેમોક્રેસીના આ રિપોર્ટ પર હવે વિદેશ મંત્રી એસ જયશંકરે નિવેદન આપ્યુ છે. જયશંકરે એક ચેનલ સાથેની મુલાકાત દરમિયાન કહ્યુ હતુ કે, આ એક પ્રકારનુ પાખંડ છે.આ સંસ્થાઓ પોતાને દુનિયાના કસ્ટોડિયન સમજે છે અને તેમને પેટમાં દુખી રહ્યુ છે કે ભારતમાં તેમના અભિપ્રાયની કોઈ ગણતરી નથી.તેઓ પોતાના હિસાબે નિયમ બનાવે છે અને પોતાની રીતે જ ચુકાદો આપે છે.આ સંસ્થાઓ પાછો દેખાડો કરે છે કે જાણે તેઓ વિશ્વ સ્તરનુ કોઈ કાર્ય રિપોર્ટ બનાવીને કરી રહ્યા છે.



## આંધ્રપ્રદેશમાં ભયાનક માર્ગ અકસ્માતઃ ૯ લોકોના મોત

કૃષ્ણા,તા.૧૪

આંધ્રપ્રદેશમાં એક ભયાનક માર્ગ અકસ્માત થયો છે. મળી રહેલી માહિતી અનુસાર, આ અકસ્માતમાં ૬ લોકોનું મોત નિપજ્યુ છે. જ્યારે અન્ય ૭ લોકો ઘાયલ થયા છે. આંધ્રપ્રદેશનાં કૃષ્ણા જિલ્લાના નુજીવીડુ મંડળનાં ગોલ્લાપલ્લી ગામ નજીક રવિવારે આ અકસ્માત થયો હતો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઓડિશા રમેશ, ભુક્યા નાગરાજુ, બાનાવતુ સોના, બાનાવતુ નાગુ, ભુક્યા સોમલા અને બર્માવત બેબીનું મોત નીપજ્યું હતું. પાંચ મજૂરોનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે બાનાવાતુ નાગુનું હોસ્પિટલમાં મોત થયું હતું. અકસ્માત સમયે ઓટોમાં કુલ ૧૪ મજૂરો સવાર હતા. માહિતી મળતાની સાથે જ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને લાશને કબજે કરી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી હતી. વળી ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ કેસમાં પોલીસે આઈપીસીની કલમ ૩૦૪ હેઠળ ગુનો નોંધ્યો છે. અકસ્માત સર્જી ટ્રક ચાલક ઘટના સ્થળેથી ભાગી ગયો હતો.

## ટૂંક સમયમાં પેટ્રોલ-ડિઝલના ભાવમાં ઘટાડો થશે : ધર્મેન્દ્ર પ્રધાન

ન્યુ દિલ્હી,તા.૧૪

કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું કે આંતરરાષ્ટ્રીય બજારમાં ઈંધણના ભાવવધારાને કારણે ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો જોવા મળ્યો છે.

પ્રધાને કહ્યું કે પેટ્રોલ-ડીઝલનો ભાવવધારો ક્ષણિક છે અને તેને ધીરે ધીરે ઓછો થઈ જશે. કોરોના મહામારીના સમયગાળા બાદ અર્થતંત્રમાં પ્રાણ ફૂંકવા કેન્દ્ર અને રાજ્ય બન્ને સરકાર પેટ્રોલ-ડીઝલ પર ટેક્સ વસૂલી રહી છે. થોડા સમયમાં ઈંધણના ભાવમાં ઘટાડો જોવા મળશે. ચાલુ મહિનાની શરુઆતમાં નાણાપ્રધાન નિર્મલા સીતારામણે પણ જણાવી ચૂક્યા છે કે પેટ્રોલ-ડીઝલના ભાવવધારો એક એવો મુદ્દો છે જેની પર રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકારે ચર્ચા કરવી જોઈએ કારણ કે પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ પર ફક્ત કેન્દ્ર સરકાર જ ટેક્સ વસૂલતી નથી.

## સચિન વાઝે ૨૫મી સુધી એનઆઈએ કસ્ટડીમાં

મુંબઈ, તા. ૧૪

મુકેશ અંબાણીના ઘર એન્ટીલિયાની પાસે બે વિસ્ફોટક ભરેલી સ્કોર્પિયો કાર જપ્ત કેસમાં ધરપકડ કરાયેલા મુંબઈ પોલીસ અધિકારી સચિન વાઝેને કોર્ટે ૨૫ માર્ચ સુધી એએનઆઈની કસ્ટડીમાં મોકલી દીધા છે. સચિન વાઝની શનિવારે મોડી રાત્રે એએનઆઈએ લાંબી પૂછપરછ બાદ ધરપકડ કરી હતી.

કોર્ટ પાસે એએનઆઈએ ૧૪ દિવસની કસ્ટડી માગી હતી. ત્યારબાદ કોર્ટે સચિન વાઝેને ૨૫ માર્ચ સુધી એનઆઈએની કસ્ટડીમાં મોકલી દીધા. એનઆઈએએ કોર્ટમાં કહ્યું કે, આ એક મોટુ ષડયંત્ર છે, જેમાં ઘણા લોકો સામેલ હોવાની આશંકા છે. એનઆઈએ સચિન વાઝેનો સામનો તે વ્યક્તિ સાથે કરાવવા ઈચ્છે છે જે-જે વ્યક્તિનું નામ સામે આવી રહ્યું છે. એનઆઈએએ કોર્ટમાં ખુબ મહત્વના પૂરાવા રજૂ કર્યા જેના આધાર પર વાઝેની ધરપકડ કરવામાં આવી છે.

એનઆઈએએ કહ્યું કે, સચિન વાઝેની ૨૫ ફેબ્રુઆરીએ વિસ્ફોટકોથી ભરેલું વાહન ઉભુ રાખવામાં ભૂમિકા નિભાવવા અને તેમાં ષડયંત્રમાં રહેવાને કારણે ધરપકડ કરવામાં આવી છે. એનઆઈએ પ્રવક્તાએ કહ્યુ, સચિન વાઝેની રાત્રે ૧૧.૫૦ કલાકે ધરપકડ કરવામાં આવી હતી.

TV રીપેરીંગ
ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

Vશાલ
SUPER MARKETની આજ
કોલગેટ ઝીગઝેગ
+ ટુથ બ્રશ - ૬
૯૦/-રૂ. MRP ૧૨૦/-
સેક્ટર-૬/કુડાસણ

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા
₹25*/500mL
અમૂલ શક્તિ




Amul The Taste of India
*એમઆરપી (બધાં કરવેરા સહિત), ટ્રાન્સપોર્ટેશન અને કૂલિંગ ચાર્જિસ સામેલ છે. શરતો લાગુ. પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરોઃ અમદાવાદ અને સૌરાષ્ટ્રઃ 079 - 23969055/56/57